Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai
Conducted
MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI

Website : jaineducationboard.org          E-mail : jainshikhshanboard@gmail.com

## ૬ જાન્યુઆરી ૨૦૧૯ - મહિલામંડળ - ઉત્તર પત્ર - ગુણ - ૧૦૦

## શ્રેણી – ૧૨

**પ્રશ્ન૧ મોટા બાંસઠિયાના આધારે નીચેના બોલનો બાસઠિયો લખો.** **(૩૫)**

**(ક) માત્ર અંકમાં (કોઈ પણ આઠ)** **(૮)**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ૧. તિર્યંચ ગતિ | ૧૪ | ૫ પ્રથમ | ૧૩ | ૯ | ૬ |
| ૨. અસંજ્ઞી | ૧૨ | ૨ પ્રથમ | ૬ | ૬ | ૪ પ્રથમ |
| ૩. વૈક્રિય શરીર | ૪ | ૭ પ્રથમ | ૧૨ | ૧૦ | ૬ |
| ૪. અજ્ઞાની | ૧૪ | (૨)૧ અને ૩જુ | ૧૩ | ૬ | ૬ |
| ૫. નપુંસક વેદ | ૧૪ | ૯ પ્રથમ | ૧૫ | ૧૦ | ૬ |
| ૬. ત્રસ કાય | ૧૦ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૭. યથાખ્યાત ચારિત્રી | ૧ | ૪ (૧૧થી ૧૪) | ૧૧ | ૯ | ૧ |
| ૮. બાદર | ૧૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૯. ચક્ષુદર્શની | ૬ | ૧૨ પ્રથમ | ૧૪ | ૧૦ | ૬ |
| ૧૦. કાપોત લેશી | ૧૪ | ૬ પ્રથમ | ૧૫ | ૧૦ | કાપોત લે. |

**(ખ) સંપૂર્ણ બાંસઠિયો લખો. (કોઈ પણ ચાર)** **(૮)**

૧. ૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય : જીવના ભેદ - ૧ અસં. ૫. અપ.
ગુણસ્થાન : ૧લુ
જોગ : ૩ (૨ ઔદારિકના, ૧ કાર્મણનો)
ઉપયોગ : ૪ - ૨ અજ્ઞાન અને ૨ દર્શન
લેશ્યા : ૩ પ્રથમ

૨. ઉપશમ સમકિતી : જીવના ભેદ - ૨ સંજ્ઞાના
ગુણસ્થાન - ૮ તે ૪ થી ૧૧
જોગ - ૧૫
ઉપયોગ - ૭ તે ૪ જ્ઞાન અને ૩ દર્શનના
લેશ્યા - ૬

૩. મનઃ પર્યવજ્ઞાની : જીવના ભેદ - ૧ સંજ્ઞીનો પર્યાપ્તો
ગુણસ્થાન - ૭ તે ૬થી ૧૨
જોગ– ૧૪ કાર્મણનો વર્જીને
ઉપયોગ - ૭
લેશ્યા – ૬

૪. ભાષક : જીવના ભેદ – ૫
બેઈન્દ્રિય ૧, તેઇન્દ્રિય ૨, ચૌરેન્દ્રિ ૩, અસંજ્ઞી પંચેન્દ્રિય ૪, સંજ્ઞી પંચેન્દ્રિય ૫ એ પાંચના પર્યાપ્તા. ગુણસ્થાન - ૧૩ પ્રથમ
જોગ - ૧૪ તે કાર્મણનો વર્જીને
ઉપયોગ-૧૨
લેશ્યા-૬

૫. એકેન્દ્રિય : જીવના ભેદ-૪
સૂક્ષ્મ એકેન્દ્રિયનો અપર્યાપ્તો અને પર્યાપ્તો, બાદર એકેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા.
ગુણસ્થાન - ૧ પ્રથમ
જોગ-૫ ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિય, વૈક્રિય મિશ્ર અને કાર્મણ કાયયોગ
ઉપયોગ : ૩- ૨ અજ્ઞાન ને ૧ અચક્ષુ દર્શન
લેશ્યા : ૪ પ્રથમ

**(ગ) માગ્યા પ્રમાણે કરો.** **(૬)**

૧. સંજ્ઞીમાં ગુણસ્થાન - ૧૨ પ્રથમ
૨. અચરમમાં લેશ્યા - ૬
૩. સૂક્ષ્મ સંપરાય ચારિત્રીમાં જોગ - ૯
૪. સમુચ્ચય જ્ઞાનીમાં ઉપયોગ - ૯
૫. લોભ કષાયમાં જીવના ભેદ - ૧૪
૬. વિકલેન્દ્રિયમાં જોગ - ૪

**(ઘ) અલ્પબહુત્વ લખો. (કોઈ પણ ચાર)** **(૮)**

૧. ઇન્દ્રિય દ્વાર : સર્વથી થોડા (અસંખ્યાતા)
તેથી ચૌરેન્દ્રિય વિશેષાધિક
તેથી બેઈન્દ્રિય વિશેષાધિક
તેથી અણિંદિયા અનંતગુણા
તેથી એકેન્દ્રિય અનંતગુણા
તેથી સઈન્દ્રિય વિશેષાધિક

૨. સંજય દ્વાર : સર્વથી થોડા સૂક્ષ્મ સંપરાય ચારિત્રી (સંખ્યાતા)
તેથી પરિહાર વિશુદ્ધ ચારિત્રી સંખ્યાત ગુણા
તેથી યથાખ્યાત ચારિત્રી સંખ્યાત ગુણા
તેથી છેદોપસ્થાપનીય ચારિત્રી સંખ્યાત ગુણા
તેથી સંજતિ વિશેષાધિક
તેથી સંજનાસંજતિ અસંખ્યાતગુણા
તેથી નોસંજતિ નોઅસંજતિ નો સંજતાસંજતિ અનંતગુણા
તેથી અસંજતિ અનંતગુણા

૩. શરીર દ્વાર : સર્વથી થોડા આહારક શરીર
તેથી વૈક્રિય શરીર અસંખ્યાત ગુણા
તેથી ઔદારિક શરીર અસંખ્યાત ગુણા
તેથી તેજસ - કાર્મણ શરીર માંહોમાંહી તુલ્યને અનંતગુણા

૪. લેશ્યા દ્વાર : સર્વથી થોડા શુકલલેશી (અસંખ્યાત)
તેથી પદ્મલેશી સંખ્યાતગુણા
તેથી તેજો લેશી સંખ્યાતગુણા
તેથી અલેશી અનંતગુણા
તેથી કાપોત લેશી અનંતગુણા
તેથી નીલલેશી વિશેષાધિક
તેથી સલેશી વિશેષાધિક

૫. કાય દ્વાર : સર્વથી થોડા ત્રસકાય અસંખ્યાતા
તેથી તેઉકાય અસંખ્યાતગુણા
તેથી પૃથ્વીકાય વિશેષાધિક
તેથી અપકાય વિશેષાધિક
તેથી વાઉકાય વિશેષાધિક
તેથી વનસ્પતિકાય અનંતગુણા
તેથી સકાય વિશેષાધિક

**(ચ) માગ્યા પ્રમાણે જવાબ લખો. (૫)**

૧. શુકલલેશી, પદ્મલેશી અને તેજોલેશીમાં સૌથી વધુ તેજોલેશી હોય
૨. બાંસઠિયાના ૧૬મા દ્વારનું નામ : પરિતદ્વાર, ૧૦ મા દ્વારનું નામ - જ્ઞાન દ્વાર
૩. મનુષ્યગતિમાં જીવના ભેદ ૩ છે. ૨ સંજ્ઞીના અપર્યાપ્તા અને પર્યાપ્તા. તેમાં સંમૂચ્છિમ મનુષ્ય ભળ્યા માટે.
૪. સંજતિમાં જીવના ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો કારણ કે ચારિત્ર, દીક્ષા માત્ર પર્યાપ્તા મનુષ્યો જ ધારે છે.
**૫.** અભાષકમાં ઉપયોગ ૧૧ છે. કારણ કે અપર્યાપ્તામાં મનઃ પર્યવજ્ઞાન ન હોય માટે.

**પ્રશ્ન ૨ (ક) રૂપી-અરૂપીના આધારે નીચેના જવાબ લખો. (૧૦)**

૧. જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી તેને અરૂપી કહેવાય. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય, જીવાસ્તિકાય અને કાલ. આ પાંચેય દ્રવ્ય અરૂપી છે. તેમાંથી ચાર દ્રવ્ય જડ છે. અને એક ૨, ૩, કે ૪ મૂળ સ્પર્શ હોય.
૨. પુદ્ગલાસ્તિકાયના સૂક્ષ્મ પ્રદેશી સ્કંધમાં જઘન્ય ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને બે સ્પર્શ હોય છે. ઉત્કૃષ્ટ ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૨, ૩ કે ૪ મૂળ સ્પર્શ હોય.
૩. અરૂપીના ૬૧ બોલની પહેલી ગાથા –
પાવ ઠાણા વિરઈ, ચઉ ચઉ બુદ્ધિ ઉગ્ગહે,
સન્ના ધમ્મત્થી પંચ ઉઠાણં, ભાવ લેસ્સાત્તિ દિટ્ઠીય.
૪. બાર દેવલોક રૂપી છે. આઠ સ્પર્શી છે. કારણ કે બારદેવલોક એ માટીના બનેલાં છે. માટીનું શરીર ઔદારિક છે. ઔદારિક શરીર આઠ સ્પર્શી છે. માટે.
**૫.** પરિગ્રહ સંજ્ઞા અરૂપી છે. કારણ કે તે આત્માના પરિણામ છે. માટે તે અરૂપી છે.

**(ખ) નીચેના બોલ રૂપી છે કે અરૂપી તે લખો ? તેમ જ કેટલા સ્પર્શ હોય ? (૫)**

(૧) આહારક શરીર (૨) અંતરાય કર્મ
(૩) રત્ન પ્રભા (૪) કાળ
(૫) ચક્ષુ દર્શન

**પ્રશ્ન ૩ ઉપયોગ અધિકારના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(ક) નીચેના જીવ કેટલા અને ક્યા ઉપયોગ લઈને નીકળે છે તે લખો.** **(૫)**

૧. ૫ ઉપયોગ લઈને નીકળે. ૩ જ્ઞાન (પ્રથમ) ૨ દર્શન અચક્ષુ અવધિ
૨. ૩ ઉપયોગ લઈને નીકળે. ૨ અજ્ઞાન, ૧ દર્શન
૩. ૩ ઉપયોગ લઈને નીકળે ૨ અજ્ઞાન, ૧ દર્શન
૪. ૫ ઉપયોગ લઈને નીકળે. ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ અચક્ષુ
૫. ૭ ઉપયોગ લઈને નીકળે. ૩ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. સાકાર ઉપયોગ એટલે જ્ઞાનનો ઉપયોગ. તે ૫ જ્ઞાન અને ૩ અજ્ઞાન છે. (૨) અનાકાર ઉપયોગ એટલે દર્શનનો ઉપયોગ. તે ૪ દર્શન છે.
૨. સંજ્ઞી મનુષ્યમાં જીવ સાત ઉપયોગ લઈને આવે. ૩ જ્ઞાન, ૨ અજ્ઞાન અને ૨ દર્શન.
૩. નરકમાં સંજ્ઞી મનુષ્ય જો સમકિત લઈને આવે તો ૫ ઉપયોગ લઈને આવે. ૩ જ્ઞાન અને ૨ દર્શન.
૪. સમકિતી સંજ્ઞી મનુષ્ય મરીને દેવલોકમાં જાય ત્યારે વાટે વહેતાં જ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે.
૫. ભવનપતિ દેવમાં અસંજ્ઞી તિ. પંચેન્દ્રિય આવે તો ૩ ઉપયોગ લઈને આવે. ૨ અજ્ઞાન અને ૧ દર્શન. કારણ કે તે મિથ્યાત્વી હોય છે. માટે.

**પ્રશ્ન ૪ સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો.** **(૧૦)**

૧. બધું મળે પણ શાંતિ ના મળે, પરિણામે તિર્યંચ ગતિનો બંધ થાય. કારણ કે માયાવી જેવો દેખાતો હોય તેવો હોતો નથી. જેવું બોલે તેવું કરે નહિ. પોતાની બુદ્ધિ અને બળના ઢોલ વગાડે પણ પોતાની પોલ એ જાણતો હોય છે. માયા કરીને ધન, વૈભવ બંધુય મેળવે છે પરંતુ શાંતિ મળતી નથી. તેનું હૃદય હંમેશા અશાંતિની આગમાં સળગતું હોય છે. તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધવાના ચાર કારણ કે માયા કરે, ગાઢ માયા કરે, જૂઠું બોલે, ખોટા તોલ માપ રાખે. આ બધામાં માયા જ મુખ્ય હોય છે. એટલે જ માયા એ તિર્યંચ ગતિનો બંધ કરાવે છે.
૨. લોભ કર્યો એટલે વસ્તુનો સંયોગ જોઈએ. એટલે કે હજી સંસાર જ જોઈએ છે અને જ્યાં સુધી સંસાર જોઈએ ત્યાં સુધી એક વાત તો નક્કી થઈ જાય છે કે મોક્ષ નથી જોઈતો. લોભનો ખાડો એવો છે કે આ ખાડામાં પડે તે સીધા સંસારના અખાડામાં પડે. એટલે સંસારનું પરિભ્રમણ એટલે લોભ કરતાં પહેલાં લોભના પરિણામ નજર સામે રાખવા.
૩. અનંતાભવ કાન વિનાના જાય ત્યારે સરેરાશ એક ભવે કાન મળે છે. અર્થાત્ બે શબ્દ કાનમાં પડે તેવો પુણ્યોદય અનંતકાળે મળે છે. આવા કાનવાળા અનંતા ભવોમાં પણ એક માત્ર સંસારનું સાંભળ્યું છે. તો હવે આ ભવે ઊંચો જૈનધર્મ મળ્યો છે તો કાંઈક આત્મધર્મનું શ્રવણ કરી માનવભવ સાર્થક કરીએ.
૪. (૧) કડવા શબ્દો બોલવાથી પરસ્પરની સદ્ભાવના ઘટે છે, જીવનની શાંતિ જોખમાય છે.
ક્રોધમાં આવી કડવા શબ્દો બોલવાથી પ્રસંગ સુધરવાને બદલે બગડે છે.
કડવા શબ્દો બોલીને હું જ મારી કિંમત ઘટાડી રહ્યો છું.
૫. માનવભવની સફળતા અને સાર્થકતા સમયે સમયે મોતની દિશામાં નહિ મોક્ષની દિશામાં જવામાં છે. જે આત્મ સાધના વડે જ શક્ય બને છે. આવી આત્મ સાધનાના બાર સોપાનો છે. જેમાં આત્મશ્રમણ કરવું. શ્રદ્ધા વધારવી. આત્મ યુદ્ધ કરવું. આત્મ શક્તિને વધારતા, આત્મ સ્વભાવને પ્રાપ્ત કરવો. તેના માટે આત્માના ગુણો પ્રગટાવવા પુરુષાર્થ કરવો જરૂરી છે.

**પ્રશ્ન ૫ કથા વિભાગ ના આધારે જવાબ લખો.** **(૧૦)**

૧. ચોર વગેરેથી નગરની સુરક્ષા કેવી રીતે કરવી જોઈએ. આ પ્રશ્નના જવાબમાં નમિ રાજર્ષિએ કહ્યું કે, હે બ્રાહ્મણ! તમારું આ કથન એકાંતે આદરવા જેવું નથી. કારણ કે ઘણીવાર સાચા અપરાધી જાણી શકાતા નથી. એટલે તે ગુનેગાર બચી જાય છે અને નિરપરાધીને સજા મળે છે. માટે વિષય કષાય રૂપ આંતરિક ચોર ડાકુઓથી જ મારી રક્ષા કરવી જોઈએ.

૨. પૂર્વે માલવ દેશના સુદર્શનપુરના મણિરથ નામે રાજા હતા. તેમના નાના ભાઈ યુવરાજનું નામ યુગબાહુ હતું. યુગબાહુની પત્ની મદન રેખા ખૂબ જ સ્વરૂપવાન હતી. એક વાર રાજા મણિરથ તેના રૂપમાં આસક્ત બન્યા આથી રાજાએ કપટથી પોતાના નાના ભાઈની હત્યા કરી નાખી. તે સમયે મદનરેખા ગર્ભવતી હતી. તેને આ વાતની ખબર પડતાં તે વનમાં ચાલી ગઈ અને વનમાં જ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને મિથિલા નરેશ પદ્મરથ પોતાની નગરી મિથિલામાં લઈ આવ્યા. તેનું નામ 'નમિ' રાખવામાં આવ્યું. પદ્મરથ રાજાને વૈરાગ્ય થતાં નમિ વિદેહના રાજા બન્યા.

એક વાર નમિરાજાના શરીરમાં ભયંકર એવો દાહજવર ઉત્પન્ન થયો. ત્યારે છ-છ મહિના તેનો ઉપચાર કર્યો છતાં તેની વેદના શાંત થઈ નહિ ત્યારે રાજાએ કંકણની ઘટનાથી પ્રતિબુદ્ધ થઈ દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો.

૩. ગૌતમ ગણધર ગોચરી માટે રોહિતક નગરીમાં પધાર્યા ત્યારે તેમણે રસ્તામાં કુતૂહલ જોયું કે ઘણા હાથી, ઘોડા અને પુરુષોની વચ્ચે મજબૂત બંધનથી બાંધેલી, કાન, નાક કાપેલી એક સ્ત્રીને જોઈ. તેના શરીર પર ચીકણો પદાર્થ લગાડેલો હતો. તેની કમરે વધ્ય યોગ્ય વસ્ત્ર પહેરાવેલાં હતા. હાથમાં કડીઓ હતી. ગળામાં લાલ ફૂલોની માળા હતી. ગેરુના ચૂર્ણથી તેનું શરીર રંગેલું હતું. એવી સ્ત્રીને શૂળી વડે ભેદન કરાતી જોઈ.

૪. નિદ્રામાં નમિરાજર્ષિને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેઓ શ્વેત હાથી પર બેસી મેરુપર્વત પર ચઢી ગયા. સવારે જાગી તેઓએ વિચાર કર્યો કે, 'સ્વપ્નમાં આવેલ પર્વત જેવો પર્વત મેં ક્યાંક જોયો છે'. વારંવાર આવું વિચારતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેમણે જોયું કે પૂર્વભવમાં તેમણે દીક્ષા અંગીકાર કરી હતી. શુદ્ધ સંયમના પાલનના કારણે ૧૭ સાગરની સ્થિતિવાળા મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયા હતા. ત્યાંથી ચ્યવીને અત્યારે તેઓ રાજાના ભવને (પ્રાપ્ત કર્યો છે) પામ્યા છે. આમ નમિરાજાને પૂર્વજન્મનું સ્મરણ થતાં ચારિત્ર ધર્મનો સ્વયં બોધ પામી દીક્ષા લેવા તૈયાર થયા.

૫. દુઃખ વિપાક સૂત્રના અધ્યયન - ૯ મું દેવદત્તા કથાના માધ્યમે સંસારના સ્વાર્થપૂર્ણ સંબંધોનું સ્પષ્ટ ચિત્ર અંકિત કર્યું છે. સ્વાર્થ અને ભોગની લિપ્સા કેટલી ભયંકર હોય છે કે વ્યક્તિ પોતાના સંબંધો પણ ભૂલી જાય છે અને ક્રોધાવેશમાં ન કરવાનું કાર્ય પણ કરી બેસે છે. એક રાજા ૪૯૯ સાસુને જીવતી સળગાવી દે છે અને ૮૦ વર્ષની વહુ ૧૦૦ વર્ષની સાસુની હત્યા કરી નાંખે છે. રાજકુળમાં મળેલું સુખ પણ કેટલું ભયંકર દુઃખદાયી બન્યું. દેવદત્તા, સિંહસેન વગેરે તેના જ્વલંત ઉદાહરણ છે. ક્રોધાંધ, કામાધ, અને સ્વાર્થાંધ આ ત્રણેય અંધ લાંબાકાળ સુધી જીવને સંસારમાં ભવભ્રમણ કરાવે છે. ભોગમાં આસક્ત દેવદત્તા સાસુની સેવા ન કરતાં મારી નાખે છે અને માતાના ભક્ત એવા પતિને પત્ની હત્યાનું પાપ કરાવે છે. એક અધર્મી અનેકને બગાડે છે. આવું જાણી દુર્લભ માનવભવનું સ્વાગત ધર્માચરણ દ્વારા કરી જીવન સફળ બનાવવાની પ્રેરણા આ કથા દ્વારા પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન ૬ કાવ્ય વિભાગના આધારે પંક્તિ પૂરી કરો.** **(૧૦)**

૧. દીન દુઃખીને સુખી થવાનો, મારગ એ બતલાવે,
જાદુ ભરેલાં વેણ કરીને, પાપીઓને પીગળાવે,
પાષાણને કરતી પાણી, એવી પ્રભુ વીરની વાણી.

૨. આ કાયા અટકી છે, નથી થાતાં તુજ દર્શન,
ના જઈ શકું સુણવાને, ગુરુની વાણી પાવન,

ઉપાશ્રય જાવાનું, ફરીને અંજળ દેજો.

૩. દિન પ્રતિદિન ભાવું ભાવના, સંસાર ક્યારે છૂટશે ?
સગાં સંબંધી સ્વજનો સહુના, બંધન ક્યારે તૂટશે ?
ગુરુકુળમાં રહેવાનું (૨) દિલને ગમે છે.

૪. ચેતનનું જ્ઞાન એ સમ્યક્જ્ઞાન છે, ચેતનના જ્ઞાન વિના બધું અજ્ઞાન છે,
અજ્ઞાન તજીને આત્મિક જ્ઞાનમાં, સદા હું મસ્ત બની જાઉં..... ઓ ચેતન...

**પ્રશ્ન ૭ સામાયિક પ્રતિક્રમણ આદિના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(ક) માગધી લખો.** **(૪)**

૧. પાઢિયારું
૨. વંતેસુ વા
૩. પાવયણં
૪. મણામં

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો.** **(૨)**

૧. આમોસે
૨. ખમણિજ્જો
૩. લેસિયા
૪. હીણક્ખરં

**(ગ) નીચે આપેલ પાઠપૂર્તિ કરો.** **(૫)**

**(૧)**પન્નરસહિ પરમાહમ્મિએહિં : (૧) સોલસહિં ગાહાસોંલસએહિં (૨) સત્તરસવિહે અસંજમેહિં (૩) અટ્ઠા રસ વિહે અબંભેહિં (૪) એગૂણવીસાએ નાયજ્ઝયણેહિં (૫) વીસાએ અસમાહિ ઠાણેહિં (૬) ઇક્કવીસાએ સબલેહિં (૭) બાવીસાએ પરિસહેહિં.

સોણિએસુ વા : (૧) સુક્કેસુ વા (૨) સુક્કે પુગ્ગલ પરિસાડેસુ વા (૩) વિગય જીવ કલેવરેસુ વા (૪) ઇત્થી પુરિસ સંજોગેસુવા (૫) નગર નિધ્ધમણેસુ વા (૬) સવ્વેસુ ચેવ અસુઈટ્ઠાણેસ..

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૪)**

૧. સંથારામાં ૨૩ બોલના પચ્ચક્ખાણ કરવામાં આવે છે.
૧૮ પાપ સ્થાનક + ૪ આહાર + ૧ શરીર એમ ૨૩ બોલના પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

૨. (૧) ૫, ૨૧, (૩) ૩, (૪) ૨૦

૩. તીર્થંકરને ૧૪ દાનમાંથી વસ્ત્ર, પાત્ર, કંબલ અને રજોહરણ સિવાયના ૧૦ પ્રકારે દાન અપાય. પ્રતિક્રમણના છ આવશ્યકમાંથી દેવનો એક ચઉવીસત્થો ગુરુનો એક વંદના, અને બાકીના ચાર આવશ્યક ધર્મના છે.

**.... જય જિનેન્દ્ર ....**